


# જુગારને કાયદેસર બનાવવાની કવાયત કેટલી યોગ્ય!

**જુગાર કે સટ્ટાની પ્રવૃત્તિને કાયદેસર બનાવવી કે નહીં તેને લઈને હાલ ચર્ચા ચાલી રહી છે.સર્વોચ્ચ અદાલત અને કાયદાપંચ વચ્ચે આ મુદ્દે વાટાઘાટ ચાલે છે. જુગારને વર્ષોથી ખરાબ પ્રવૃત્તિ હેઠળ જોવાય છે ત્યારે તેને કાયદેસરતા બક્ષવી કે નહીં એને લઈને જે મુદ્દો ઊભો કરવામાં આવ્યો છે એની અહીં વિગતે વાત કરવામાં આવી છે.**

**અમિત ચૌહાણ .** aarpar@gmail.com

જુગાર કે સટ્ટાની પ્રવૃત્તિને કાયદેસર બનાવવી કે નહીં તેને લઈને હાલ ચર્ચા ચાલી રહી છે.સર્વોચ્ચ અદાલત અને કાયદાપંચ વચ્ચે આ મુદ્દે વાટાઘાટ ચાલે છે. જુગારને વર્ષોથી ખરાબ પ્રવૃત્તિ તરીકે જોવાય છે ત્યારે તેને કાયદેસરતા બક્ષવી કે નહીં એને લઈને જે મુદ્દો ઊભો કરવામાં આવ્યો છે એની અહી વિગતે વાત કરવામાં આવી છે.

આ લખાય છે ત્યારે સટ્ટો કે જુગારને કાયદેસર બનાવવો કે નહી તેને લઈને દેશ આખામાં ચર્ચા છે. વિશેષ તો કાયદાપંચ આ મામલે અસમંજસ સ્થિતિમાં છે.ભારતીય કાયદાપંચ કે જેને અંગ્રેજીમાં લૉ કમિશન તરીકે ઓળખવામાં આવે છે તેણે પબ્લિક (આમ જનતા) અને સ્ટેકહોલ્ડર પાસેથી જુગાર અને સટ્ટો ભારતીય પરિવેશમાં નૈતિક રીતે યોગ્ય છે કે નહીં એ અંગે સૂચનો કે અભિપ્રાયો માંગ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત વિષય અંગે લોકો પાસેથી જે સૂચનો કે અભિપ્રાયો મંગાવવામાં આવશે તેનો રિપોર્ટ કે અહેવાલ તૈયાર થશે જે સરકારને આપવામાં આવશે. રિપોર્ટ બનાવવા હેતુ અભિપ્રાયો કે સૂચનોનું સંપાદન કરવામાં આવશે. આપણામાંના મોટાભાગના લોકો વાકેફ છે કે આઈપીએલ બેટિંગ (સટ્ટો) સ્કેન્ડલ તો આપણે ત્યાં અવારનવાર થતા રહ્યાં છે.

અને આ સટ્ટાની પૃષ્ઠભૂમિમાં અથવા તો એમ કહી શકાય કે આ કૌભાંડના પગલે, સુપ્રીમ કોર્ટે

કાયદાપંચને સટ્ટાને કાયદેસરતા બક્ષવાની શક્યતા સંદર્ભે અભ્યાસ કરવા પૂછ્યું હતું. અને એ પછી સટ્ટાને કાયદા હેઠળ લાવવો કે નહીં એ પ્રશ્ન ખડો થયો છે.

ખેર, લૉ કમિશન પાસે સટ્ટા કે જુગારને કાયદેસર બનાવવો કે નહીં એ મામલે અનેક સવાલો છે. જેમકે જુગાર અને સટ્ટાને કાયદેસર બનાવીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઉપર અંકુશ લાવી શકાશે ? સટ્ટા તેમજ જુગારને પરવાનો કે લાયસન્સ આપવાથી સરકારને સબસ્ટેન્શિયલ રેવન્યુ રળવામાં મદદ થશે ? જુગારને કાયદેસરતા આપવામાં આવે તો એથી દેશમાં રોજગારીની નવી તકોનું નિર્માણ થશે? જુગાર અને સટ્ટો ભારતીય પરિવેશમાં નૈતિક રીતે યોગ્ય છે કે નહીં ? એવું શું મોડેલ હોઇ શકે કે જેમાં લોકો આવી પ્રવૃત્તિમાં જોડાય અને છતાં પણ નાદારી સામે સંરક્ષિત રહી શકે?

જુગાર જેવી બદી પર કાયદા મામલે આપણે ત્યાં વર્ષોથી વિવાદ ચાલતો આવ્યો છે. જુગારની બદીને પ્રાચીન કાયદા હેઠળ આવરી લેવામાં આવી છે .ધ પબ્લિક ગેમ્બલિંગ એક્ટ ઑફ ૧૮૬૭ હેઠળ જુગારનો સમાવેશ થાય છે. બંધારણમાં પણ ભારતના દરેક રાજ્યને જુગાર અંગે કાયદો ઘડવાની મંજૂરી આપી છે. ભિન્ન ભિન્ન રાજ્યોમાં જુગાર અંગેના જે કાયદા છે તે કાયદાઓમાં યુનિફોર્મિટી જોવા મળતી નથી.વળી આ કાયદાઓમાંના મોટાભાગના કાયદા સ્થૂળ જુગાર સંબંધિત છે. આ કાયદાનો ઑનલાઇન કે આભાસી (વર્ચ્યુઅલ ) જુગાર સાથે કોઇ સંબંધ નથી કે જેને ભ્રષ્ટાચાર,ક્રાઇમ અને મની લોન્ડરિંગના રૂટ (માર્ગ) તરીકે જોવામાં આવે છે. ઇન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટ ૨૦૦૦ની સેક્શન ૬૭ અસ્પષ્ટ રીતે ઓનલાઇન ટ્રાન્સમિશન અને વ્યક્તિઓને કરપ્ટ કરે એવી સામગ્રી પ્રકાશિત કરવા મામલે પ્રતિબંધ જાહેર કરે છે.

જુગારની બદી વિશે વાત કરીએ તો કહેવું પડે કે ઘણા લોકો નાદારી જાહેર કરી દે છે.ઘણા લોકોને જેલના સળિયા પાછળ ધકેલાવું પડે છે. હવે ૨૧મી સદીમાં જુગારનું સ્વરૂપ બદલાયું છે. હવે ઑનલાઇન જુગાર કે સટ્ટો રમવામાં આવે છે.પોલીસની નજરથી બચવા માટે બુકીઓ ફ્લેટમાં સટ્ટો રમે છે. ઑનલાઇન ગેમ્બલિંગ એક એવું જુગારનું ક્ષેત્ર છે કે જેની ઉપર અંકુશ મેળવવો ખૂબ જ અઘરો છે.

ખેર, એ બાબત સમજી શકાય એમ છે કે ગેરકાયદાસરના જુગારના ધંધામાં ઘણા બધાં નાણાં રોકાયેલા છે કે જે લગભગ સમાંતર અર્થતંત્ર ખડું કરે છે.કાયદેસર રીતે કમાયેલા નાણાનું કાળા નાણાંમાં રૂપાંતર થાય છે અને બીજા દેશોના ગેમ્બલિંગ ઓપરેટર્સને તે મળે છે.

લૉ કમિશને નોંધ્યું હતું કે જુગાર અને સટ્ટો બંને એકબીજા સાથે જોડાયેલા છે.કમિશને એ પણ નોંધ્યું હતું કે જુગાર અને સટ્ટા સામેના જે નિયમો છે તે ભાગ્યે જ ગુપ્ત પ્રવૃત્તિઓ સામેના અવરોધક છે. ગુજરાતીમાં એવું કહેવાય છે કે હાર્યો જુગારી બમણું રમે. આ વાત યથાર્થ છે.જુગાર આખા હિન્દુસ્તાનમાં રમાય છે.ઑફલાઇન અને ઑનલાઇન એમ બંને પ્રકારે આ જુગાર રમાય છે. મેટ્રો સિટીનો બાર હોય કે ગામડાની ભાગોળ, કોઇ ને કોઇ પ્રકારે જુગારની બદી આપણે ત્યાં પ્રસરેલી છે.ભારતનું કાયદાપંચ જુગાર કે સટ્ટાને કાયદેસરતા બક્ષવાની કવાયત કરી રહ્યું છે ત્યારે એણે એમ વિચારવું રહ્યું કે આ આખો મામલો જ એવો છે કે એને લીગલ બનાવવાનો કોઇ મતલબ નથી. ગોકળ આઠમ હોય ત્યારે આપણે ત્યાં ગુજરાતમાં લોકો પત્તાનો



જુગાર ખેલે છે.કેટલાય લોકો એમાં પોતાના નાણા ગુમાવે છે અને કેટલાય લોકો નાણાં મેળવે છે પણ ખરા. પરંતુ એ હકીકત છે કે જુગાર એ વિશ્વસ્તરે પ્રસરેલી બદી છે.ગામડામાં દારૂ અને જુગારની બદી ખૂબ ફૂલીફાલી છે. દારૂની લતવાળાઓમાં કેટલાક જુગાર પણ રમતા હોય છે. અને આવા લોકોની પત્નીઓ એમના પતિઓની જુગારની આ બદીથી કંટાળી ગયેલી હોય છે.જુગારની લતને કારણે અનેક પરિવારો પાયમાલ થયા હોવાના કિસ્સા સમાજમાં જોવા મળે છે.મહાભારતમાં પણ જુગારની વાત આવે છે. આ ઉપરથી ખબર પડે છે કે આ બદી સદીઓ પુરાણી બદી છે. અને એને કાયદેસરતા બક્ષવી કે નહીં એવો સવાલ આજે કાયદાપંચ સામે ખડો થયો છે ત્યારે એટલું જ કહેવાનું કે લોકો પાસેથી આ મામલે જે અભિપ્રાયો આવે એ ચકાસવામાં આવે અને પછી કોઇ નિર્ણય લઇ શકાય. અલબત્ત આમ જોવા જઇએ તો જુગારને કાયદેસરતા બક્ષવી જોઇએ નહીં. જો એમ કરવામાં આવશે તો કેટલાય જુગારીઓ માટે ભાવતું તું ને વૈધે કીધું જેવો ઘાટ ઘડાશે.

જુગારી માણસ કંઇ પણ કરી શકે છે.ઘરના વાસણો વેચીને પણ જુગારી જુગાર રમવા જાય છે.ઘણી વખત કિંમતી દાગીના લઇને પણ તે જુગાર રમે છે.છાપામાં અવારનવાર જુગારી ઝડપાયાના સમાચાર ચમકતા જોવા મળે છે.શું ગ્રામ્ય વિસ્તાર કે શું શહેરી વિસ્તાર, દરેક ઠેકાણે આ બદીએ માથું ઊંચક્યું છે. વળી આજના કેટલાક યુવાનો ઑનલાઇન જુગાર રમે છે.પોલીસ માટે આ પ્રકારે જુગાર રમતા લોકોને પકડવાનું કામ ખૂબ કઠિન બની જાય છે.

તાજેતરમાં આ લખનારના ધ્યાનમાં એક કિસ્સો આવ્યો. આ કિસ્સા અંતર્ગત એક પ્રિન્સ કે રાજાને એમની પાંચ પત્નીઓ ગીરવે મૂકવાની નોબત આવી હતી.વાત જાણે એમ છે કે પ્રિન્સ માજીદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાઝીઝ અલ સાઉદનું નામ આખા વિશ્વમાં જાણીતું છે. ડ્રગ અને જુગારના બંધાણી એવા પ્રિન્સ માજીદ તેમના તાજેતરના સટ્ટાને લઇને ટૉક ઑફ ધ ટાઉન બની ગયા છે.તેઓ જાણીતા સિનાઇ ગ્રાન્ડ કેસીનો ખાતે એક અઠવાડિયા જેટલું રોકાયા હતા.એ દરમિયાન તેમણે ‘અનલિમિટેડ સ્ટેક્સ’ પોકર ટેબલ ખાતે છ કલાક ફાળવ્યા હતા જેમાં તેઓને હાર સાંપડી હતી. તેમણે આ સટ્ટામાં અઢળક નાણાં ગુમાવ્યાં હતાં અને તેમને તેમની પાંચ પત્નીઓને પણ ખોવાની નોબત આવી હતી.મતલબ કે માજીદે એમની પાંચ પત્નીઓને ગીરવે મૂકી હતી.

આ તાજેતરનું જ ઉદાહરણ છે.લૉ કમિશન જ્યારે જુગારને લીગલ બનાવવા માટે આમ જનતાના અભિપ્રાયો માંગી રહ્યું છે ત્યારે એમ કહી શકાય કે આ બાબતે આ પ્રકારે અભિપ્રાયો માંગવાની પણ જરૂર નથી. આ વસ્તુ સમજી શકાય એમ છે કે અન્ય બદીઓની જેમ જુગાર રમવો એ પણ એક પ્રકારની બદી છે.